# પૂજ્ય આચાર્યશ્રીના છત્રીશ ગુણો

## અને છત્રીશ છત્રીશી [પદ્ય]

— શાસ્ત્રી પ્રેમચંદ જગશી ઓઝા

પંચ પરમેષ્ઠી મંત્રમાં આચાર્યપદ ત્રીજા સ્થાને આવે છે. અરિહંત પદ અને સિદ્ધ પદ બાદ આચાર્યને નમસ્કાર કરવામાં આવે છે. સામાયિક લેતાં પણ નવકાર બાદ પ્રથમ સૂત્ર આચાર્ય પદનું આવે છે. એનું નામ છે પંચિંદિય સૂત્ર અથવા ગુરુ-સ્થાપનાજી. તેનું કારણ શું ?.... .... .... ....એ જ કે અરિહંત, સિદ્ધ, કેવળીની ગેરહાજરીમાં જૈન શાસનનું સુકાન આચાર્ય ભગવંતોએ સંભાળવાનું હોય છે. અરિહંતો, એ આચાર્ય ભગવંતોને પોતાના વારસદારો તરીકે નીમી ગયા છે. ભવિ કે અજ્ઞાની આત્માઓને શ્રેયસ્કર માર્ગ અવિરતપણે દર્શાવતા રહે, તે માટે પ્રવતારક સમા આચાર્ય ભગવંત જંગમ તીર્થ સ્વરૂપે વિચરી રહ્યા છે. આચાર્ય ભગવંતો પર જિનશાસનની મોટી જવાબદારી રહેલી છે. જ્ઞાનીઓએ ફરમાવેલા આરાધ્યપદની પગ-દંડીમાં કોઈ આરાધકને કાંટો ન વાગે, કોઈ પ્રકારની ઉત્સૂત્ર પ્રરૂપણા ન થાય એવી કડક જવાબદારી આચાર્યપદમાં રહેલી છે. આથી જ પંચ પરમેષ્ઠીમાં પ્રત્યેક સ્થાનમાં ગુણસંખ્યા પરત્વે આચાર્યપદમાં ગુણોની સંખ્યા વધુ છે. જેમ કે : (૧) અરિહંત–૧૨, (૨) સિદ્ધ – ૮, (૩) આચાર્ય – ૩૬, (૪) ઉપાધ્યાય – ૨૫, (૫) સાધુ – ૨૭. આ લેખમાં વિષયને અનુરુપ એવું આચાર્યના ૩૬ ગુણોનું વિવરણ કરવાનું છે.

વર્તમાન સમયે આચાર્ય સ્થાન સર્વ શ્રેષ્ઠ સ્થાન ગણાય છે. સામાયિક, પ્રતિક્રમણ કે પાપોનું પ્રાયશ્ચિત્ત કરવા, જિનમંદિર, અંજનશલાકા અને પ્રતિષ્ઠા જેવાં શુભ કાર્યો કરાવવાં, દીક્ષા–યોગાદિ ક્રિયાઓ માટે, મતલબ કે જિનશાસનના પ્રત્યેક કાર્યમાં આચાર્યપદની આવશ્યકતા રહે છે. વળી શાસનનાં કાર્ય શુભ બને, શાસનની વૃદ્ધિ, સુખશાંતિ થાય તેની સતત કાળજી પણ આચાર્ય ભગવંતને રાખવી પડે છે.

આચાર્ય એટલે પાંચ આચારને પાળે અને બીજાને પળાવે એવા ધર્મના નાયક તે વળી આ = મર્યાદાથી ચાર્ય = જેમની સેવા કરવી જોઈએ, તે આચાર્ય કહેવાય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**આચાર્યના ૩૬ ગુણો** : પંચેંદ્રિય દમન ૫, બ્રહ્મચર્ય વાડ ૯, કષાયમુક્તિ ૪, પંચ મહાવ્રત ૫, આચાર ૫, સમિતિઓ ૫, ગુપ્તિઓ ૩ – એમ કુલે ૩૬ ગુણો થાય છે.

**પંચેંદ્રિય દમન** : (૧) **સ્પર્શેંદ્રિય** : ત્વચા કે શરીર, આચાર્ય ભગવંત ગમે તેવા સ્પર્શથી રાગ કે દ્વેષ, ખુશી કે નારાજગી મનથી પણ વ્યક્ત ન કરે તે. (૨) **રસેંદ્રિય** : જીભનો સ્વાદ જીતવો. આચાર્યશ્રી શરીરને ધારણ કરવા માટે અન્ન-પાણી લેવું પડે છે, એમ માની આહારના કોઈ પણ રસ કે સ્વાદથી જીભને સંતોષ કે નાખુશી ન આપે, છ વિગઈઓ અને પાંચ સ્વાદ (મીઠું, ખારું, કડવું, તીખું, તૂરું)માં રસનાને લોલુપ ન રાખે. (૩) **ઘ્રાણેંદ્રિય** : નાક – સૂંઘવું. આચાર્યશ્રી સુગંધથી ખુશી ન થાય અને દુર્ગંધથી ગુસ્સે ન થાય. બન્ને સંજોગોમાં સમતા ધારે. સુગંધી પદાર્થ સાથે રાખે નહિ અને ઇન્દ્રિયને દુ:ખ લાગે તેવી પ્રબળ દુર્ગંધમાં પણ અણગમો ધારે નહિ. (૪) **શ્રોત્રેંદ્રિય** : કાન – સાંભળવું. આચાર્યશ્રી કર્ણપ્રિય મનોહર પણ દુન્યવી ભૌતિક શબ્દ – ગીત, વાજિંત્ર ઇત્યાદિમાં કાનને લુબ્ધ ન થવા દે, તેમ જ અજ્ઞાની જનોનાં દુર્વચનો કે ગાળો સાંભળી મન – વચનથી પણ દ્વેષ પ્રગટ ન કરે. (૫) **નેત્રેંદ્રિય** : આંખ – જોવું. આચાર્યશ્રી મનોરંજન આપનાર સાંસારિક ચિત્રો, નાટક, ભીંતચિત્ર જોઈ આંખને આર્દ્ર ન કરે, વળી સુખના પ્રસંગે હર્ષાશ્રુ અને દુ:ખના સમયે શોકાશ્રુ પ્રગટ ન કરે. તેમ જ સારું કે નરસું જોઈને હર્ષ કે ખેદ વ્યક્ત ન કરે. ઉપરોક્ત પાંચેય ઇન્દ્રિયના વિષયોને વિષે અનાસક્ત રહી ક્ષમતા રાખે અને પાંચે ઇંદ્રિયોને કાબુમાં રાખે, તે પાંચ ગુણ જાણવા.

**નવ બ્રહ્મચર્યની વાડ** : (૧) સ્ત્રી, પશુ, નપુંસક જ્યાં ન હોય ત્યાં વસે. (૨) સ્ત્રી સાથે સ્નેહથી કે દ્વેષથી વાતો ન કરે. [ ઉપાશ્રયમાં ગુરુવંદન કાજે પણ સ્ત્રીએ ગમે ત્યારે જવું ન જોઈએ. સ્ત્રીઓએ સામૂહિક ગુરુવંદન કરવું વગેરે] (૩) સ્ત્રી કે સાધ્વીજી જે આસને બેઠાં હોય તે આસન પર બે ઘડી સુધી બેસે નહીં. [ તેમ આચાર્યશ્રીના આસન પર કોઈનાથી બેસાય નહિ. ] (૪) રાગ કે કુદૃષ્ટિથી સ્ત્રીના અંગોપાંગ જુએ નહિ. સ્ત્રીને બારીક નજરે જુએ નહિ, મોહદૃષ્ટિ રાખે નહિ. (૫) સ્ત્રીપુરુષ સૂતાં હોય અથવા કામભોગની વિલાસી વાત કરતાં હોય ત્યાં ભીંતને આંતરે રહે નહિ. કામભોગની પ્રવૃત્તિ થતી હોય ત્યાંથી પસાર થાય નહિ. (૬) અગાઉ ભોગવેલા કામને, વિષયવિલાસને યાદ કરે નહિ. (૭) વિષયવાસનાને ઉત્તેજિત કરે એવાં સ્નિગ્ધ ભોજન કરે નહિ. વિશેષ ઘી–તેલ–સાકર–ગોળવાળાં મધુર ભોજન લે નહિ. (૮) નીરસ આહાર પણ અધિક પ્રમાણમાં કરે નહિ. અધિક આહારથી નિદ્રા–પ્રમાદ વધે. તેથી વિલાસી જીવનનું પોષણ થાય. તેથી આચાર્યશ્રી મિતાહારી હોય છે. (૯) શરીરની શોભા કે દેહની ટાપટીપ કરે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નહિ. શરીર પરસેવાથી ગંધ મારતું હોય તો પણ સ્નાનાદિક ક્રિયા કરે નહિ. દેહ પર મેલાં કે જૂનાં કપડાં હોય, શોભાની દૃષ્ટિએ તેઓ કપડાં બદલાવે નહિ. આ પ્રમાણે નવ વાડોથી આચાર્ય ભગવંત શિયળ રક્ષે તે નવ ગુણ.

**ચાર કષાય : (૧) ક્રોધ** : શિષ્ય કે શ્રાવકની સમવિષમ ક્રિયાઓ જોઈ તેમના પર ક્રોધ ન કરે. સંસારની પરંપરા વધારનાર ક્રોધ મહાઘાતકી છે, એમ માની મનવચનકાયાથી ક્રોધને તિલાંજલિ આપી દે. ક્રોધ આત્માની અવનતિ કરનાર છે. આવેશમાં ઉત્સૂત્ર પ્રરૂપણાનો ભય રહેલો છે, તેથી ક્રોધને જીતે. **(૨) માન** : જીવનમાં કદી માન મળે, તો કદી અપમાન. પણ સૂરિજી સમભાવમાં રહી યશ અપયશને સરખા ગણી મન કે આત્માથી દુભાય નહિ. જ્ઞાનનું અભિમાન કરે નહિ, તેની તકેદારી રાખે. **(૩) માયા** : કપટ, પ્રપંચ, ઠગાઇ, પોતાની ક્ષતિ કે અપરાધ છુપાવવામાં કોઈ પ્રપંચજાળ રચવી નહિ. માયાથી કોઈને ફસાવવું નહિ. માયાથી પોતે દૂર રહે અને અન્યને પણ દૂર રાખે, છળકપટની વાતો ન કરે અને માયા કરીને સત્ય છુપાવે નહીં. માયા સંસારગર્તા છે. **(૪) લોભ** : જ્ઞાન ભણવામાં કે ભણાવવામાં આચાર્યશ્રી લોભ ન કરે. શિષ્ય મારાથી વધુ ભણી વિદ્વાન બની જશે, એમ માની જ્ઞાન આપવામાં લોભ ન રાખે. સાગરવરગંભીર જેવી વિશાળતા રાખી છૂટથી જ્ઞાનદાન આપે અને શાસનનો ઉદ્યોત કરે. મનસંકુચિત ન રાખે, પરિગ્રહમાં મોહ ન રાખે. આ ચાર કષાયો સંસારની પરંપરા વધારનારા છે. તેમનાથી પોતે પર રહે અને અન્યને પર રહેવા ઉપદેશ આપે, તે આચાર્યશ્રી કષાયવિજયના ચાર ગુણ.

**પાંચ મહાવ્રતો : (૧) પ્રાણાતિપાત વિરમણ વ્રત** : ત્રસ કે સ્થાવર કોઈ પણ જીવને જાણતાં કે અજાણતાં મનવચનકાયાના ત્રિકરણયોગથી મારવા નહીં કે દુઃખ દેવું નહીં. તેમ તેવું કોઈ પાસે કરાવવું નહિ, તેની અનુમોદના કરવી નહિ. તેવો ઉપદેશ આપવો નહિ, વીસ વસા દયા પૂર્ણપણે પાળવી. आत्मवत् सर्वभूतेषु અથવા आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् એ સૂત્રોનું યથાવત પાલન કરે. **(૨) મૃષાવાદ વિરમણ વ્રત** : ગમે તેવું કષ્ટ આવે તો પણ અસત્ય ન બોલે, સત્યને છુપાવે નહિ, કોઈને ખોટું આળ ન આપે, અન્ય પાસે ઉત્સૂત્ર પ્રરૂપણા ન કરે, સિદ્ધાન્તને અસત્ય ન ઉપદેશે, કલહ ન કરે, એકાંત મંત્રણા ન કરે ઈત્યાદિ. **(૩) અદત્તાદાન વિરમણ વ્રત** : કોઈની અણદીધેલી નજીવી ચીજ વસ્તુ પણ લે નહિ. ઉપયોગની વસ્તુ હોવા છતાં તેના માલિકને પૂછ્યા સિવાય લે નહિ. સૂક્ષ્મ અદત્તાદાનવિરામનું પાલન સમ્યગ્પણે કરે. શિયળની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નવ વાડોનું સમ્યગ્ પાલન કરે. (૪) **મૈથુન વિરમણ વ્રત :** મનવચનકાયાના ત્રિકરણ યોગથી બ્રહ્મચર્યનું પાલન કરે, (૫) **પરિગ્રહવિરમણ વ્રત :** કોઈ પણ વસ્તુનો સંગ્રહ કરવો નહિ, તેમ જ ધર્મોપકરણ પુસ્તક ઠવણી પોથી, કાપડ, વસ્ત્ર, પાત્રો, દંડાસન વગેરે સાધુજીવનનાં ઉપકરણોનો પણ સંગ્રહ ન કરે, તેમ પોતાની પાસે જરૂર પૂરતા ઉપકરણો હોય, તેના પર પણ મૂર્ચ્છા કરે નહિ, વિશેષની અભિલાષા રાખે નહિ.

**પાંચ આચાર :**

(૧) **જ્ઞાનાચાર :** જ્ઞાન ભણે, ભણાવે. વાચના, પૃચ્છના, દેશના પ્રતિબોધ આપે. સૂત્રસંપાદન કરે, શાસ્ત્ર લખે, લખાવે; જ્ઞાનવિજ્ઞાનનાં પુસ્તકો છપાવે, ભણનારને સહાય આપે, ધાર્મિક સૂત્રોના પુસ્તકો, નોકરવાળી, પાટલી, અનાનુપૂર્વી વગેરે જ્ઞાનનાં ઉપગરણ કરાવે અને તેની પ્રભાવના કરાવે. જૈન પાઠશાળા અને જૈન વિદ્યાપીઠની સ્થાપના કરાવે. ગ્રીષ્મ શિબિર જેવું આયોજન કરી નવા નાગરિકોને ધર્મજ્ઞાન તરફ પ્રેરણા આપે. આર્થિક સ્થિતિમાં સીદાતા (પીડાતા) જૈન વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપે ઇત્યાદિ. (૨) **દર્શનાચાર :** શુદ્ધ સમ્યક્ત્વ પોતે પાળે અને સમ્યક્ત્વથી પડતાને સ્થિર કરે. અનેક આત્માઓને સમ્યક્દર્શનની પ્રાપ્તિ થાય તેવાં સ્થાન સંઘ મારફતે ઊભાં કરાવે જેમ કે જિનમંદિર, જીર્ણોદ્ધાર, તીર્થપટ, ઉપાશ્રય કરાવે. દર્શનશુદ્ધિનાં પુસ્તકો લખાવે. (૩) **ચારિત્રાચાર :** પોતે શુદ્ધ ચારિત્ર પાળે અને અન્યને પળાવે અને શુદ્ધ ચારિત્ર પાળનારની અનુમોદના કરે અને પ્રોત્સાહન પણ આપે. સમ્યગ્ ચારિત્ર મોક્ષદાતા છે, એમ માની ચારિત્રના આચારોમાં જરાયે ક્ષતિ ન રાખે. ચારિત્રપાલન માટે સર્વસ્વનો ભોગ આપે. સતત ચારિત્રપાલનનું જતન રાખે. (૪) **તપાચાર :** તપના આભ્યંતર છ ભેદો અને બાહ્ય છ ભેદો, એમ બાર પ્રકારના તપને પોતે કરે, અન્ય પાસે કરાવે અને બીજાને અનુમોદે. **છ અભ્યંતર તપ :** પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાઉસગ્ગ છે. **બાહ્ય તપ :** અનસન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયકલેશ, સંલીનતા છે. યથાશક્તિ તપ કરે, તપમાં શક્તિ ફોરવે. (૫) **વીર્યાચાર :** ધર્મક્રિયામાં છતી શક્તિ ગોપવે નહિ, તથા સર્વ આચાર પાળવામાં વીર્યશક્તિ સંપૂર્ણપણે ફોરવે, ક્રોધવૃત્તિને શમાવે, અન્યને દ્વેષથી નિવારે. નવું ભણતાં, આગળનું ગણતાં, અર્થવિચાર પૂછતાં, કહેતાં આળસ ન કરે. દેવયાત્રા, ગુરુયાત્રા કરે, ધર્મવંતની વિપત્તિ ભાંગે. શાસનના પ્રત્યેક શુદ્ધ કાર્યમાં છતી શક્તિ ફોરવે. ઉપરના પાંચ આચાર પાલનના પાંચ ગુણો.

**પાંચ સમિતિ :** (૧) ઇર્યા સમિતિ એટલે સાડા ત્રણ હાથની ભૂમિ પર આગળ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દૃષ્ટિ રાખી, જોતાં જોતાં જંતુરક્ષા કરતા ચાલે. (૨) ભાષા સમિતિ એટલે સાવદ્ય (પાપયુક્ત) વચન કે અપ્રિય, દુઃખકર વચન બોલે નહિ. (૩) એષણા સમિતિ એટલે અપ્રાસુક આહાર કે પ્રાણી વહોરે નહીં. પ્રાસુક આહારપાણી જ વહોરે, ગોચરીના દોષો નિવારે. (૪) આદાનનિક્ષેપ સમિતિ એટલે પુસ્તક, પાત્ર આદિ ઉપકરણો લેવા, મૂકવામાં જતના રાખે, (૫) પરિષ્ઠાપનિકા સમિતિ એટલે મળમૂત્ર ત્યાગ વખતે જંતુરક્ષાનો ખૂબ ખ્યાલ રાખે. સમિતિ એટલે સમ્યક્ પ્રકારે ચેષ્ટા કરવી તે.

ત્રણ **ગુપ્તિ** : ગુપ્તિ એટલે ગોપન કરવું કે રક્ષણ કરવું. (૧) **મનોગુપ્તિ મનમાં** : આર્તધ્યાન તથા રૌદ્રધ્યાન ન ધ્યાવે. કોઈનું મન દુષ્પ્રણિધાનમાં ન મૂકે. **નરકગતિમાં** ફેંકનાર ધ્યાનો મનમાં પેસવા ન દે. શુભ ધ્યાનમાં ચિત્ત રાખે. (૨) **વચન ગુપ્તિ** : પાપરહિત વચન પણ કારણ વિના બોલે નહિ. જરૂર હિત, મિત, પથ્ય વચનનો ઉપયોગ કરે. કંઈ કહેવાથી કોઈનો આત્મા દુભાય તેવું અપ્રિય વચન ન બોલે, વાણીમાં સંયમ રાખે, વિનયવિવેકયુક્ત વચન બોલે, વાણીને દુર્વચનથી ન બગાડે. (૩) **કાયગુપ્તિ** : શરીર અણુપડિલેહણથી ચલાવે નહિ. શરીરથી કોઈને દુઃખ ન થાય તેનું જતન કરે. બગાસું ખાવું, ઓડકાર ખાવો, બેસવું, ઊઠવું, ચાલવું વગેરે શરીરની ક્રિયાઓ જયણાપૂર્વક કરે. કાયાથી કોઈ જીવની આશાતના ન થાય તેવી કાળજી રાખે.

આ પ્રમાણે આચાર્યશ્રીના છત્રીશ ગુણોનું ટૂંકમાં વર્ણન કરાયું.

* * *

સુગુરુ રૂપ આચાર્યશ્રીનાં ૩૬ ગુણોનો આ તો એક પ્રકાર થયો. જૈન ગ્રંથોમાં આચાર્યનાં ૩૬ ગુણોનો જુદી જુદી રીતે ૩૬ પ્રકારે ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. આ ગુણોનો વિસ્તાર અને પ્રકારો લખવા જતાં આ લેખ અતિ વિસ્તૃત બને. જેથી સં....દરમ્યાન પૂ. ઉપાધ્યાયશ્રી જ્ઞાનસાગરજી ગણી મ. સા. જેઓ પછીથી અચલગચ્છાધિપતિ પૂ. આ. શ્રી ઉદયસાગરસૂરીશ્વરજી મ. સા. ના નામે પ્રસિદ્ધ બન્યા હતા, તેમણે રચેલ 'શ્રી ગુણવર્મા રાસ'માં આચાર્યના ગુણોની છત્રીશ છત્રીશીઓને ગૂર્જર પદ્ય રૂપે ગૂંથેલ છે, તે કૃતિ અત્રે રજૂ કરાય છે. આનું સંકલન આગમપ્રજ્ઞ પૂ. મુનિરાજ શ્રી કીર્તિસાગરજી મ.ન.સા. કરેલું છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અથ છત્રી છત્રીસીસ

[ઘરે આવોજી આંબો મોરીઓ. એ દેશી]

ચઉદેસણા કથા કુશળતા, ચઉભાવના ધર્મમાં રત;
ભવિ વંદો સાધુશિરોમણી. એ ટેક.

ધ્યાન ભેદ સોલસ લહે, ચઉ સારણ આસત. ભવિ વંદો સાધુ. ૧
પણ વ્રત સમકિત સંજમ, આચાર ને પણ વ્યવહાર ભવિ.
સમિતિ સઝાયને આદરે, એક વિધ સંવેગ વિચાર ભવિ. ૨
ઇન્દ્રિય વિષય પ્રમાદને, આશ્રવનિદ્રા પણ ધાર ભવિ;
અશુભ ભાવના વર્જતા, ષટકાયના રાખણહાર ભવિ. ૩
વચનના દૂષણ ષટ તજે, લેશ્યાવશ્ય દ્રવ્યતર્ક ભવિ;
ષટ્ ભાષા જાણે વળી, ચોથી છત્રીસી ચિત્ત તર્ક ભવિ. ૪
સપ્ત ભયે વર્જિત સદા, પિંડ પાણેસણ સગ જાણ ભવિ;
સાત સુખે સુખીયા ગુરુ, ટાળ્યા મદના અડઠાણ ભવિ. ૫
નાણદંસણ ચારિત્ર તણા, ટાળે અડઅડ અતિચાર ભવિ;
ભણે અડ આદિ ગુણા, ધરે ચિત્તમાં બુદ્ધિ ચાર ભવિ. ૬
અષ્ટકરમ મળને તજે, ધારે અષ્ટાંગ સુજોગ ભવિ;
અડ સિદ્ધિ અડ દીઠી જીતો, જાણે ચારે અનુયોગ ભવિ. ૭
નવવિહ બંભગુત્તિ ધરા, કરતા નવ કલ્પી વિહાર ભવિ;
નવ નિહાણા પરિહરે, ભણે નવ તત્ત્વ વિચાર. ભવિ. ૮
દશ સંકીલેશ અસંવરા, તજીઆ જેણે દશ અસઝાય ભવિ;
હાસ્યાદિક ષટને તજે, નવમી છત્રીસી થાય ભવિ. ૯
ગ્રહે દશ સમાચારીને, દશ રાખે સમાધિના ઠાણ ભવિ;
ત્યાગી સોળ કષાય તો, દશમી છત્રીશી ઠાણ ભવિ. ૧૦
પડી સેવણ દશ પરિહરે, ટાળે દશ શોધીના દોષ ભવિ;
સોળ સમાધિને આદરે, વિનયાદિક ધર્મની પોષ ભવિ. ૧૧
વિનય વૈયાવચ્ચ દશ દશ, દશ વિહં યતિધર્મ કહંત ભવિ;
ષટ અકલ્પને વરજીયા, દ્વાદશમી છત્રીસી સંત ભવિ. ૧૨
દ્વાદશ અંગ ઉપાંગના, અધ્યયન ભણાવે જેહ ભવિ;
દશ રુચિ દુવિહ શિક્ષા ગ્રહે, તેરમી છત્રીશી એહ ભવિ. ૧૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રાવક પડિમા ઇગ્યારસ, તેર ક્રિયા, વ્રત બાર ભવિ;
ઉપદેશ ગુરુરાજજી, આચારજ જગહિતકાર ભવિ. ૧૪
જાણે ઉપયોગ બાર તે, ચઉદશ ઉપગરણના ધાર ભવિ;
દશવિહ પાયચ્છિતથી, કરે પાપ તણા પરિહાર ભવિ. ૧૫
દ્વાદશ વિધ તપને તપે, વળી ભિખુપડિમા બાર ભવિ;
નાવે દ્વાદશ ભાવના, જાઉં તે મુનિની બલિહાર ભવિ. ૧૬
પડી રૂપાદિક ચઉદશ ગુણ, ભૂષણે ભુષીત દેહ ભવિ;
લહે ચૌદશ ગુણ થાનક, અડ સુહમ કહે ગુરુ જેહ ભવિ. ૧૭
પન્નર જોગ તે ઓળખે, લખે આતમ આપ અજોગ ભવિ;
પડિ હરે સંજ્ઞા પન્નરને, શલ્યગારવ છક્ક વિયોગ ભવિ. ૧૮
સોળ દોષ ઉતપાદના ટાળે, ઉદ્‌ગમનાં સોળ ભવિ;
ચાર અભિગ્રહ નિત ધરે, કરે આપમાં આપ કલોલ ભવિ. ૧૯
સોળસ વચન વિધિ વહે, સત્તર વિધ સંજમ યુક્ત ભવિ;
ન કરે ત્રિવિધ વિરાધના, વીસમી છત્રીશી યુક્ત ભવિ. ૨૦
પાપ સ્થાનક અષ્ટાદશ, ટાળે જે આતમથી દૂર ભવિ;
અષ્ટાદશ દુષ્ટ જીવને, ન દીએ દીક્ષા સૂરિ ભવિ. ૨૧
શીલાંગ સહસ અઢારને, ધારક તારક, મુનિરાજ ભવિ;
અષ્ટાદશ વિધ શીલની, લીલાએ સાધે કાજ ભવિ. ૨૨
ઓગણીસ દુષણને તજે, કાઉસગ્ગના જે સૂરીંદ ભવિ,
સત્તર ચરણને ઉપદિસે, આચારજ ગુણ મણિવૃંદ ભવિ. ૨૩
વીસ સમાધિ થાનક કહે, તજે આસતણા પણ દોષ ભવિ;
એક મિથ્યાત તજે વળી, દશ એષણાના જે દોષ ભવિ. ૨૪
એકવીસ છેલા છાંડીઆ, ગ્રહ્યા પન્નર શિક્ષાના ઠાણ;
એ પચવીશમી છત્રીશી, આચારજ ગુણમણિ ખાણ ભવિ. ૨૫
બાવીસ પરિસહને સહે, રહે અધ્યાત્મ પદ લીન ભવિ;
ચૌદ અભ્યંતર ગાંઠીને, છાંડે જાણીને મલીન ભવિ. ૨૬
પણ વિધ વેદિકા દોષને, તજે આરંભકાદિક ખટ દોષ ભવિ;
પણ વીસ પડિલેહણ કરે, આચારજ સુગુણ સંતોષ ભવિ. ૨૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધુ ગુણ સતવીસસું, એ ભૂષણ ભૂષીતકાય ભવિ;
નવ કોટી વિશુદ્ધને ધરે, પચ્ચખાણ મહા મુનિરાય ભવિ. ૨૮
અડવીશ લબ્ધિ ઉપદિશે, પ્રગટી કેતી એક તાસ ભવિ;
અડવિહ પરભાવક પણું, સૂરીસર સુવિલાસ ભવિ. ૨૯
પાપ સૂત્ર ઓગણત્રીસ જે, નિજ ભાવનાથી વરજે દૂર ભવિ;
સાત ભેદે શુદ્ધિ ગ્રહે, લહે આતમતત્ત્વ અંકુર ભવિ. ૩૦
ત્રીશ મહા મોહકર્મનાં બંધ થાનકનો પરિહાર ભવિ;
ખટ અંતર અરિ વર્ગનો, નવિ રાખે ચિત મોઝાર ભવિ. ૩૧
એકત્રીશ ગુણ શ્રી સિદ્ધના, ઉપદેશે જે ગુરુરાજ ભવિ;
પાંચે જ્ઞાન પરૂપતાં, સાધે તેમ આતમ કાજ ભવિ. ૩૨
બત્રીશ ભેદ જે જીવના, રક્ષા કરે તેહની જેહ ભવિ;
ચઉવિહ ઉપસર્ગને સહે, તેત્રીશમી છત્રીશી એહ ભવિ. ૩૩
બત્રીશ દોષે વિરહિત જે, ઇંદિવાદ પણ સુગુણ ગરિષ્ટ ભવિ;
વિકથા ચાર કરે નહિ, પ્રગટી જસ આત્મ દૃષ્ટિ ભવિ. ૩૪
તેત્રીશ આસાતના તજે, ભટ્ટારક યુગ પ્રધાન ભવિ;
વીર્યાચાર ત્રિવિધ પ્રતે, નવિ ગોપવે જે મતિમાન ભવિ. ૩૫
ગણી સંપતિ અડ ચઉગુણી, તેમાં નિતે ઉપયોગ ભવિ;
જ્ઞાનાદિક ચઉ વિનયમાં, કીધો આતમ સંયોગ ભવિ. ૩૬
એહવી છત્રીસ છત્રીસીએ, જે બિરાજે સૂરિરાય ભવિ;
આપ તરે, પર તારવે, જ્ઞાનસાગર વંદો પાય ભવિ. ૩૭
નભ ત્રય નભદ્વય (૨૦૩૦) સાલમાં, બાહુપુરે[૧] રહી ચઉમાસ;
ગુણસાયરસૂરિ ગુણ ગાવતાં, કીર્તિ લિખે ગુણ તાસ ભવિ. ૩૮
કારતિક સુદિ એકમ દિને, શુક્રવાર છે ખાસ ભવિ;
કલાપ્રભસાયર સાથે રહી, લિખિ સઝાય એ ખાસ ભવિ. ૩૯

૧ ભુજપુર (કચ્છ)

■ ■ ■



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org